# હડિયોલના ગૌચરમાંથી ગેરકાયદેસર માટીનું ખોદકામ કરનારા વિરૂદ્ધ કાર્યવાહી

હિંમતનગર, તા. ૩

હિંમતનગર તાલુકાના હડિયોલ ગ્રામ પંચાયતની ગૌચર જમીનમાંથી દોઢેક માસ અગાઉ કેટલાક શખ્સોએ ગેરકાયદેસર રીતે હજારો ટન માટીનું ખોદકામ કરવાના કારસાનો ગ્રામ પંચાયત સાથે જિલ્લાના ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ વિભાગે પર્દાફાશ કર્યા બાદ તેમની મંગળવારે હિંમતનગરના એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે. જ્યારે બીજી બાજુ ખનિજ વિભાગના સૂત્રોએ ગેરકાયદેસર ખોદકામ કરનાર શખ્સો પાસેથી ૧૦૯૪૫ મે. ટનની ખનિજ ચોરી સામે રૂ. ૭.૨૨ લાખથી વધુની વસુલાત કરવા તજવીજ હાથ ધરી છે.

આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર

**ગૌચરના સર્વે નં. ૮૦૮માંથી રૂ. ૭.૨૨ લાખથી વધુની ૧૦૯૪૫ મે. ટન માટી ચોરી ગયા**

હિંમતનગર હડિયોલ-ગઢોડા રોડ પર આવેલા હડિયોલના ગૌચર સર્વે નં. ૮૦૮ આવેલો છે. તા. ૧૬ ડિસેમ્બર ૨૦૧૫ના રોજ આ સર્વે નંબરમાંથી કોઈ શખ્સો દ્વારા ગેરકાયદેસર રીતે પરવાનગી કે રોયલ્ટી ભરપાઈ કર્યા વિના હજારો ટન માટીનું ખોદકામ કરવા અંગે તલાટી તેમજ સરપંચ દ્વારા સાબરકાંઠા ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ વિભાગને જાણ કાઈ હતી. જે સંદર્ભે ખાણ-ખનિજ વિભાગની ટીમે તા. ૧૭ ડિસેમ્બર ૨૦૧૫ના રોજ ગૌર સર્વે નં. ૮૦૮ના સ્થળે જઈ જી.પી.એસ. મશીનથી માપણી કરાતા સ્થળ પરથી ૧૦૯૪૫ મે. ટન માટીનું અનઅધિકૃત રીતે ખોદકામ કરીને લઈ જવાયાનું તપાસમાં બહાર આવ્યું હતું. તેની સામો વિભાગ દ્વારા ગેરકાયદેસર ખોદકામ કરનારાઓ પાસેથી ખનિજ કિંમત રૂ. ૭,૨૨,૩૭૦ની વસુલાત કરવા તેમજ ગેરકાયદેસર ખનન કરનારા શખ્સો વિરૂદ્ધ પોલીસ ફરિયાદ કરવા જિલ્લાના ભુસ્તરશાસ્ત્રી કિર્તીભાઈ પટેલે તા. ૨૭ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ હડિયોલ ગ્રામ પંચાયતના સરપંચ તેમજ તલાટીને પત્ર દ્વારા જાણ કરી હતી.

# અરવલ્લીમાં ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા દેશી દારૂના અડ્ડાઓ પર જનતા રેડ

મોડાસા, તા. ૩

સમગ્ર ગુજરાત રાજ્યમાં દેશી દારૂની ભઠ્ઠીઓ ધમધમી રહી છે અને ગુજરાત રાજ્યના શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં દેશી દારૂ અને



વિદેશી દારૂની ખુલ્લેઆમ વેચાણ થઈ રહ્યું છે. રાજ્યભરના યુવાનો અને કેટલાય પરિવારો નશાના ખપ્પરમાં હોમાઈ જઈ બરબાદ થઈ રહ્યુ છે ત્યારે ગત સપ્તાહે અમદાવાદમાં ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા વ્યસનમુક્તિ મહાકુંભ યોજાયો હતો અને લાખ્ખોની સંખ્યામાં હાજર ઠાકોર સમાજના લોકોએ તેમના વિસ્તારમાંથી દારૂના દાનવને નાથવા પ્રતિબદ્ધ બન્યા હતા. જેનો પડઘો અરવલ્લી જિલ્લામાં પડ્યો હતો અને જિલ્લા ક્ષત્રિય ઠાકોર સેનાના યુવાનોએ જિલ્લામાં દેશી દારૂના ઉત્પાદન સ્થળોએ અને અડ્ડાઓ પર હલ્લાબોલ કરી દેશી દારૂનો નાશ કરતા જિલ્લા પોલિસતંત્ર માટે શરમજનક ઘટના બની હતી.

ગુજરાત રાજ્યમાં દારૂબંધી હોવા છતાં દારૂબંધીનો અમલ માત્ર કાગળ પર હોય તેમ રાજ્યમાં ખુલ્લેઆમ દેશી દારૂ અને વિદેશી દારૂની હાટડીઓ ધમધમે છે. ગાંધીના ગુજરાતમાં દારૂના નશામાં લાખ્ખો પરિવારોના યુવાનો અને મોભીઓ દારૂના નશામાં નાણા, પરિવાર, માન-મોભો અને દંધાકીય તેમજ નોકરીયાત રીતે સાવ ખલાસ થઈ ગયા છે. અરવલ્લી જિલ્લા ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા ઠાકોર સમાજના યુવાનો જિલ્લાને દારૂમુક્ત બનાવવા મેદાને પડ્યા છે અને પોલીસ વિભાગની કામગીરીની પોલ જિલ્લાના પ્રજાજનોની આંખો સામે ખુલ્લી પાડતા હોય તેમ મોડાસા તાલુકાના આલમપુર ગામે દેશી દારૂની ગાળણ પ્રક્રિયા ગામની સિમમાં હાથ ધરાતાનું જાણવા મળતા ક્ષત્રિય ઠાકોર સેનાના યુવાનોએ જનતા રેડ કરી દેશી દારૂની પોટલીઓ, દારૂ બનાવવાની સામગ્રીની તોડફોડ કરતા બુટલેગરો ઉભી પુછડીયે ભાગી છુટ્યા હતા. જનતા રેડની જાણ થતા મોડાસા રૂરલ પોલીસ આલમપુર તાબડતોડ પહોંચી દારૂ સહિતનો સામાન કબ્જે લઈ ૩૦ લીટર દેશી દારૂ કબ્જે લઈ આરોપી બુટલેગર ઈશ્વર કોદર ખાંટ વિરૂદ્ધ ગુન્હો નોંધ્યો હતો.

ગત સપ્તાહે, અમદાવાદ જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા વ્યસનમુક્તિ મહાકુંભમાં અલ્પેશ ઠાકોરે દારૂની બદીને નાથવા રાજ્યભરમાં વ્યસનમુક્તિ માટે શપથ લેવડાવતા અને દારૂની બદીને દૂર કરવાના નિર્ણયને આવકારતા મોડાસા તાલુકાના બાજકોટ ગ્રામજનોએ દારૂબંધી અંગે સખ્ત નિયમો બનાવી મહત્વપૂર્ણ નિર્ણય કરી બાજકોટ ગામમાં કોઈપણ વ્યક્તિ દારૂ પીધેલી હાલતમાં પકડાશે તો તેની પાસેથી રૂ. ૧૦૦૦નો દંડ વસુલ કરવામાં આવવાનું જાહેર કરતા મહિલાઓ અને ગ્રામજનોમાં આનંદ છવાયો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### ખલવાડ પ્રાથમિક શાળા-૨ નું ગૌરવ

ભિલોડા,તા.૩

ભિલોડા તાલુકાના ખલવાડ ગામની ખલવાડ પ્રાથમીક શાળા નંબર.૨ નું ગૌરવ વિદ્યાર્થીએ વધારેલ છે.ખલવાડ પ્રાથમીક શાળા આચાર્યના જણાવ્યા મુજબ આણંદ ખાતે યોજાયેલ જોન કક્ષાના રમતોત્સવમાં ખલવાડ પ્રાથમીક શાળા નંબર. ૨ ધોરણ.૬ માં અભ્યાસ કરતો વિદ્યાર્થી સતિષ કચરાભાઈ વણકરએ ગોળા ફેંક સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી રાજ્ય કક્ષાએ ઉમેદવારી નોંધાવેલ છે. અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકો અને ખલવાડ પ્રાથમીક શાળા નંબર. ૨ નું ગૌરવ વધારતાં શાળા પરીવારે વિદ્યાર્થીને બિરદાવ્યો હતો.

### મઉંટાંડા પ્રાથમિક શાળા-૨ ઉપશિક્ષિકાને ચિત્રકુટધામમાં શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ

ભિલોડા,તા.૩

ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાના તલગાજરડા પ્રાથમીક શાળામાં યોજાયેલ ચિત્રકુટ ધામમાં શ્રેષ્ઠ શિક્ષકોને એવોર્ડ આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના મઉંટાંડા પ્રાથમીક શાળા નંબર. ૨ ના ઉપશિક્ષીકા ઉર્વશીબેન મનુભાઈ ભગોરાને પ.પૂ. સંત શ્રી સિતારામ બાપુ, પ.પૂ. સંત શ્રી મોરારી બાપુના વરદ્ હસ્તે ચિત્રકુટ ધામમાં શ્રેષ્ઠ શિક્ષીકાનો એવોર્ડ અપાયો હતો.અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં આનંદની લાગણી પ્રસરી હતી. ભિલોડા તાલુકાના આદિવાસી વિસ્તારની પ્રાથમીક શાળામાં છેલ્લા ૨૭ વર્ષથી શિક્ષણ આપવાના વ્યવસાયમાં જોડાયેલા ઉર્વશીબેન ભગોરા કોમ્પ્યુટર, યોગ, પ્રાણાયામ, વૃક્ષારોપણ, સાંસ્કૃતિક કાર્યક્રમો, રમોતોત્સવ કાર્યક્રમો સહિત વિવિધ વિષયો ઉપર વિશેષ શોખ ધરાવે છે.

### ભિલોડા મઉં ચાર રસ્તા પાસે બમ્પ મુકવા પ્રજાજનોની પ્રબળ માગ

ભિલોડા,તા.૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા હાર્દસમા બજાર વિસ્તાર પાસે આવેલ મઉં ચાર રસ્તા પાસે બમ્પ મુકવા અને સર્કલ બનાવવા પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી ઉઠવા પામી છે. ભિલોડા સીનીયર સીટીઝન એસોસીએશન પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી તેમજ અમરતલાલ ભાવસાર, સામાજીક કાર્યકરોના જણાવ્યા મુજબ ઈડર-શામળાજી ધોરીમાર્ગ ઉપર આવેલ મઉં ત્રણ રસ્તા પાસે અવાર-નવાર નાના-મોટા અકસ્માતો સર્જાતા હોય છે. મઉં ચાર રસ્તા પાસે બમ્પ બનાવવા ભિલોડા સીનીયર સીટીઝન એસોસીએશનની પ્રબળ લોકમાંગણી છે.

ભિલોડામાં સતત વાહનોએ અવરજવરથી ધમધમતા ઈડર-શામળાજી ધોરીમાર્ગ ઉપર આવેલ ભિલોડા એસ.ટી.બસ સ્ટેન્ડ પાસે, ભિલોડા કોટેઝ હોસ્પિટલ પાસે બમ્પ બનાવવા પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે. ભિલોડાના જાગૃત પ્રજાજનોએ નાયબ કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન વિભાગના જવાબદાર અધિકારીઓને વારંવાર રજુઆતો કરવા છતાં બમ્પ ક્યા કારણોસર બનાવતા નથી તે જાગૃત પ્રજાજનોને હવે સમજાતું નથી. ભિલોડામાં અવાર-નવાર નાના-મોટા અકસ્માતો સર્જાતા હોય છે.

# જગાણા ખાતે સ્પીપા સંચાલિત ડિસ્ટ્રીક્ટ ટ્રેનિંગ સેન્ટરનો પ્રારંભ

**ટાઈમ મેનેજમેન્ટ, હાર્ડવર્ક અને સેલ્ફ એનાલીસીસ કરવાથી ખુબ સારૂ પરિણામ મળે છે**

પાલનપુર, તા. ૩

યુપીએસસી અને જીપીએસસી જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા મેળવી ઉજ્જવળ કારકિર્દી બનાવવાની બનાસકાંઠા જિલ્લાના વિદ્યાર્થીઓને ઘરઆંગણે સુવિધા પ્રાપ્ત થઈ છે.




પાલનપુર અમદાવાદ હાઈવે રોડ ઉપર જગાણા મુકામે વિદ્યાવિહાર સ્કૂલના કેમ્પસમાં સરદાર પટેલ લોક પ્રસાસન સંસ્થા સ્પીપા સંચાલીત ડિસ્ટ્રીક્ટ ટ્રેનીંગ સેન્ટરનો કલેક્ટરશ્રી દિલીપ રાણાએ વિધિવત પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે કલેક્ટરશ્રીએ ઉપસ્થિત વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવતા જણાવ્યું કે આ સેન્ટરમાં મેરીટના આધારે તથા નિતી નિયમો અનુસાર વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે. તેમણે કહ્યું કે સ્પીપા અમદાવાદમાં જેવી સગવડો છે તેવી જ સુવિધાઓ અહીંયા આપવાનું આયોજન છે. તેમણે વિદ્યાર્થીઓને જણાવ્યું કે તમારા સ્વપ્નાને સાકાર કરવા સરકારશ્રી દ્વારા આવા તાલીમ સેન્ટરો દરેક જિલ્લામાં કાર્યરત કરીને સુવર્ણતક આપવામાં આવી છે.

કલેક્ટર દિલીપ રાણાએ કહ્યું કે ટાઈમ મેનેજમેન્ટ, હાર્ડવર્ક અને સેલ્ફ એનાલીસીસ કરવાથી ખુબ સારા પરિણામ મળે છે. તેમણે કહ્યું કે એક દિવસના ૨૪ કલાક દરેક માણસ પાસે હોય છે. પરંતુ તેમાંથી ક્વોલીટી સાથેનું વાંચન ક્યારે, ક્યા વિષયનું અને કેવી રીતે કરવું તે તમારા ઉપર નિર્ભર કરે છે. તેમણે કહ્યું કે આપણું લક્ષ્ય હંમેશા ઉંચુ હોવું જોઈએ. કલેક્ટરશ્રીએ યુપીએસસી પરીક્ષાની વિસ્તૃત માહિતી અને કયા કયા ક્ષેત્રોમાં પસંદગી થઈ ઉજ્જવળ કારકિર્દીની તકો મળે છે તેની વિગતો આપતા જણાવ્યું કે પરીક્ષાનું માધ્યમ અંગ્રેજી હોય કે ગુજરાતી એ મહત્વનું નથી પરંતુ પાસ થવાનું જ અગત્યનું હોય છે. તેમણે કહ્યું યુપીએસસી પરીક્ષામાં સફળતા માટે ૩-૪ વર્ષ તમારી ઈચ્છાઓ સાથે કોમ્પ્રોમાઈઝ કરીને માત્ર અને માત્ર ડેડીકેટ થઈને ભણવામાં જ ધ્યાન આપીએ તો સફળ થવાના ચાન્સ વધારે હોય છે.

કલેક્ટર દિલીપ રાણાએ વધુમાં જણાવ્યું હતું કે ગુજરાત સરકાર અને સ્પીપાનું એક સ્વપ્નુ હતુ કે દરેક જિલ્લામાં સ્પીપાનું એક કોચીંગ સેન્ટર શરૂ કરવામાં આવે જેથી વધુમાં વધુ વિદ્યાર્થીઓ લાભ લઈ શકે. જેના ભાગરૂપે બનાસકાંઠા જિલ્લાના જગાણા ખાતે ડિસ્ટ્રીક્ટ ટ્રેનિંગ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. તેમણે કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રીશ્રી હરીભાઈ ચૌધરીના પ્રયાસોની પણ સરાહના કરી હતી. લાયબ્રેરીમાં વિદ્યાર્થીઓને પરીક્ષાની તૈયારી માટે સારા પુસ્તકો, ન્યુઝ પેપરો અને સીવીલ સર્વિસીસને લગતા મેગેઝીનો મળી તેની વ્યવસ્થા કરવામાં આવશે.

## હિંમતનગર લૉ કોલેજમાં ઈચ્છા મૃત્યુ અંગે ડિબેટ યોજાઈ

હિંમતનગર, તા. ૩

હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત લૉ કોલેજમાં સોમવારે એમ.ઓ.યુ. અંતર્ગત મોડાસા લૉ કોલેજના ૩૦ વિદ્યાર્થીઓ તથા બે અધ્યાપકોએ હિંમતનગર લૉ કોલેજની મુલાકાત લઈને ઈચ્છા મૃત્યુ હોવુ જોઈએ કે ન હોવું જોઈએ તે અંતર્ગત ડિબેટનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ડિબેટ પ્રિન્સીપાલ ડૉ. પંકજભાઈ પંડ્યા, ડૉ. વૈદેહી પંડ્યા, ડૉ. બીનલબેન પટેલ અને સૌરભભાઈ ભટ્ટે ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું.

## ભગોરાપાડામાં ઝાડ કાપવા બાબતે ઝઘડો થતાં ચાર વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૩

વિજયનગર તાલુકાના ભગોરાપાડા ગામે રહેતા દલજીભાઈ મરતાજી ડામોર ગત તા. ૨૮ જાન્યુઆરીના રોજ પોતાના ખેતરના શેઢા ઉપર કાપેલ ઝાડના ડાળા લઈને આવતા હતા ત્યારે અનિલભાઈ ડામોર, શૈલૈષભાઈ ડામોર, રમીલાબેન ડામોર અને નરેશભાઈ ડામોરે ગમે તે કારણસર ગાળો બોલી ઝાડના ડાળા તારા બાપાના છે તેમ કહી પથ્થર મારી ઈજા પહોંચાડી હતી. તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જેથી દલજીભાઈ ડામોરે ચારેય જણા વિરૂદ્ધ સોમવારે ચિઠોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# પ્રાંતિજ શીતકેન્દ્ર પાસે ઉભેલા ટ્રક પાછળ લકઝરી ઘુસી જતા એકનું મોત

## લકઝરી બસનો આગળનો ભાગ કુચડો થઈ ગયો

પ્રાંતિજ, તા.૩

નેશનલ હાઈવે નં. આઠ પર પ્રાંતિજ શીત કેન્દ્ર પાસે વહેલી સવારે હિંમતનગર બાજુથી અમદાવાદ



તરફ જતી લકઝરી બસના ચાલકે આગળ ઉભેલી ટ્રકને પાછળથી ટકકર મારતા લકઝરી બસમાં મુસાફરી કરી રહેલ ૧૩ને ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. જેમાં સારવાર દરમિયાન એકનું મોત નિપજયું હતું.



હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવે નં. આઠ પ્રાંતિજના શીત કેન્દ્ર પાસે વહેલી સવારે રાજસ્થાન બાજુથી ફુલફાસ્ટ આવતી લકઝરી બસ નં. આરજે૦૯પીએ૬૧૯૧નો ચાલક હંકારીને લાવી રોડની સાઈડમાં ચોખાનું ભુસુ ભરેલ ટ્રક નં. આરજે૧૨જીએ૮૬૮૬ પંચર પડવાને કારણે ઉભી હતી તેને પાછળથી ટકકર મારતા લકઝરીનો આગળનો ભાગ કુચડો બની ગયો હતો અને ટ્રકની પાચળનો ભાગ બેન્ડ થઈ ગયો હતો જયારે લકઝરી બસમાં મુસાફરી કરી રહેલા ૧૩ને ગંભીર ઈજાઓ થતાં તેમને પ્રાંતિજ, હિંમતનગર તથા અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા. જયારે પ્રાંતિજ પીઆઈ ટી.બી. રાઠોડ પણ અકસ્માતના સમાચાર મળતા પોલીસ ટીમ સાથે ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને રોડ ઉપરાંત ટ્રાફિકને હળવો કર્યો હતો. અકસ્માતમાં ઈજાઓ પામેલના નામ અશોક જગદીશભાઈ ઉ.વ. ૨૩, રહે. રાજસ્થાન, રતનસિંગ તખતસિંગ રાજપૂત ઉ.વ. ૭૦, રાજુ બસીમાન ખેડવાળ ઉ.વ. ૪૬, રમેશચંદ્ર બંસીલાલ પુરોહિત ઉ.વ. ૪૫, પ્રેમબેન મોહનભાઈ ધોબી ઉ.વ. ૩૩, લલીતભાઈ ભરવજી ધોબી ચિતોડગઢ ઉ.વ. ૨૫, રમેશચંદ્ર ચંદુલાલ ગુજ્જર ઉવ. ૩૨, દિપક નટવર ઠાકોર ઉ.વ. ૫૦, પ્રહલાદ બંસીલાલ નારણભાઈ જોષી ઉ.વ. ૪૦, ભોપાલ નારાયણ જોષી, બીપીન રામનારાયણ તોમર, ઉ.વ. ૨૨, સરહદે ઓમપ્રકાશ ઉ.વ. ૨૬ તમામે તમામ રહે. રાજસ્થાન.

આ અકસ્માતમાં ઈજાગ્રસ્ત સુંદરલાલ ગુર્જરનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું.



સલાલ સાબરકાંઠા જિલ્લામથકે આવેલ સાબર સ્ટેડીયમમાં મંગળવારે જિલ્લાકક્ષાની રસ્સાખેંચ યોજવામાં આવી હતી. જેમાં કિસનસિંહ ઠાકોરે કેપ્ટનની નવ સભ્યોની ટીમે ભાગ લીધો હતો. રસ્સાખેંચમાં જિલ્લામાં પ્રથમ નંબરે પોગલુ ગામની જય ભવાની ગામની ટીમ આવતા પ્રાંતિજ તાલુકાના ક્ષત્રિય ઠાકોર સેનાએ અભિનંદન પાઠવ્યા હતા. આગામી સમયમાં યોજાનાર રાજ્યકક્ષાની રસ્સાખેંચમાં પોગલુ ગામની જયભવાની ટીમ સ્પર્ધામાં ભાગ લેવા જવાની છે.

# રેલ્લાવાડાના ખેડૂતોએ વણ વિકાસના કામોની મંત્રીકક્ષાએ રજૂઆત કરી

મેઘરજ, તા. ૩

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના રેલ્લાવાડા, માળકંપા, વાવકંપા, ફેક્ટરી કંપાના ત્રાસી ગયેલા ખેડૂત આગેવાનોએ ગયા માસે ગાંધીનગર જઈને એક પ્રતિનિધિ મંડળે મંત્રીઓ સમક્ષ વણ વિકાસના કામોની રજુઆતના પગલે કોઈ અમલ ન થતાં નીતિ રીતીથી અસંતોષ થતાં ફરીવાર મંત્રીઓને રૂબરૂ મળીને રજુઆત કરીને તાત્કાલિક અમલ થવા તમામ ખેડૂતોએ રજૂઆત કરી હતી.

રેલ્લાવાડા ખાતે વિદ્યુતબોર્ડની નંબર-૨ ઓફિસ શરૂ કરવા અગાઉ સરકાર અને યુજીવીસીએલ દ્વારા નિર્ણય કરેલ તેની જાહેરાત પણ થઈ હતી. આ અંગે ઉર્જામંત્રીને રૂબરૂ અગાઉ અને ગઈકાલે પણ રૂબરૂ રજૂઆત કરી હતી કે રેલ્લાવાડા વિભાગમાં આવેલ તેવા નજીકના ગામોના ખેડૂતોને ફાયદો થાય તે પ્રમાણે બીલના નાણા ભરવા, એસ્ટીમેટ વગેરે કામો માટે ગામોનો સમાવેશ કરવા જણાવવા છતાં મનસ્વીરીતે કોઈ સ્ટાફને બહાર મોકલવો નથી અને અંગત સ્વાર્થ માટે મેઘરજ ખાતે બિન કાયદેસર ઓફિસ શરૂ કરાઈ છે જે રેલ્લાવાડા ખાતે શરૂ કરવા જોરદાર રજૂઆત થઈ હતી.

વળી, વિકાસની વાતોમાં સર્વે થયા પછી ગામડાની વાતો આ સરકાર ભુલી જાય છે. રેલ્લાવાડા માઝુમ નદી ઉપર જલારામ મંદિરથી ઉપરના ભાગે અને નીચેના ભાગે બે ચેકડેમ બનાવવા સર્વે થયેલ. સ્થળની તપાસણી કરેલ-પથ્થર કેવો હશે તેની તપાસણી થયા પછી બે વર્ષ વીતી ગયેલ છતાં કામગીરી ટલ્લે ચઢી જતાં પાણી પુરવઠામંત્રી બાબુભાઈની મુલાકાત બાદ યોગ્ય થવા આશ્વાસન આપેલ છે. આ રજૂઆત માટે રેલ્લાવાડા તાલુકા સદસ્ય લાલજીભાઈ મનાત યુવા ભાજપ કાર્યકર જયદિપસિંહ જે. રાઠોડ, મુન્નાભાઈ પટેલ, સંજયભાઈ (માળકંપા) કિરણભાઈ ઈશ્વારભાઈ, મહેશભાઈ - અનવરસિંહ (કુણોલ) અને ભગવતીકંપાના અનિષભાઈ પટેલે રજૂઆતમાં સૂર પુરાવ્યો હતો. વિકાસના કામો ટલ્લે ન ચઢે તેવો સૂર મંત્રી સમક્ષ રજૂ થયો હતો.

## મોયદમાં ભાગવત સપ્તાહનો પ્રારંભ

સલાલ, તા.૩

પ્રાંતિજ તાલુકાના મોયદ વાસ રૂપાજીના મહિલા મંડળ અને ભકત પરિવાર દ્વારા ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મંગળવારના રોજ સવારે પટેલ નરિસંહભાઈના ઘરેથી ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. સ્થાપિત દેવોનું પૂજન, પોથીયાત્રા તેમજ નંદોત્સવ ગોવર્ધનલીલા, રૂક્ષ્મણી વિવાહ વગેરે ઉત્સવો યોજાશે. તા. ૮-૨-૨૦૧૬ના રોજ પૂર્ણાહુતિ કરવામાં આવશે. ભગવદગીતાનું વાંચન શાસ્ત્રી મયુરભાઈ આચાર્ય કરશે. ભાગવત સપ્તાહ મોયદ પ્રાથમિક શાળાની પાછળના મેદાનમાં સાત દિવસ યોજાઈ રહી છે જેમાં ભાવી ભકતો જોડાયા હતા.

## તખતગઢમાંથી સત્તર હજારની સાત બકરીની ચોરી

પ્રાંતિજ, તા.૩

પ્રાંતિજ તાલુકના તખતગઢ ગામે વાડામાં બાંધેલી સાત બકરીઓ કોઈ અજાણ્યા ઈસમો ચોરી જતા પોલીસ ફરિયાદ થવા પામી હતી.

પ્રાંતિજના તખતગઢ ગામે રહેતા મેગાભાઈ ભરવાડના વરંડામાં રહેત સાત બકરીઓ જેની કિંમત ૧૭,૫૦૦ની થાય છે તેને કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી લઈ જતાં પોલીસે અજાણ્યા બકરી ચોરો સામે ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે.